પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૯૮, કુલ પાના:૪, તારીખ: ૧૭-૧૨-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 98 PRICE :-RS. 1.50 DATE : 17-12-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રૂપાણી સરકારનો સૌથી મોટો નિર્ણય: લેન્ડ ગ્રેબિંગ કાયદાનો અમલ શરૂ

# ભૂમાફિયાઓ સાવધાન: ગેરકાયદે જમીન પચાવી પાડનાર હવે નહિ બચે

ગાંધીનગર, ગુજરાત

વિધાનસભાગૃહમાં રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ રાજ્યમાં ગેરકાયદેસર જમીન પર કબજો મેળવીને ખોટો જમાવતા ભૂમાફિયા વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ પસાર કરવામાં આવ્યો હતો. જેને સમગ્ર રાજ્યમાં આજથી (બુધવાર) જ લાગુ કરવાની જાહેરાત રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ કરી હતી. આ સમગ્ર રાજ્યમાં લાગુ થવાથી હવે ભૂમાફિયાની લગામ ખેંચવામાં આવી છે. જેથી હવે રાજ્યમાં કોઈપણ અસામાજિક વ્યક્તિ અથવા તો ભૂમાફિયાઓ ગેરકાયદેસર રીતે જમીન હડપ નહીં કરી શકે.



રાજયની વિજય રૂપાણી કાયદા વિશેની જાહેરાત કરી હતી કે, લેન્ડ ગ્રેબિંગ એક્ટ આજથી સમગ્ર રાજયમાં લાગુ કરવામાં આવશે. આ ઉપરાંત સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય જમીનના કાયદાને લઈને સૌ પ્રથમ વખત લેન્ડ ગ્રેબિંગ એક્ટ પસાર કરવામાં આવ્યો છે, જેથી હવે રાજયમાં કોઈપણ અસામાજિક વ્યક્તિ અથવા તો ભૂમાફિયાઓ ગેરકાયદેસર રીતે જમીન પોતાના કબજામાં લઈ શકશે નહીં અને જો તેઓ આવું કૃત્ય કરશે તો તેમના વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

રચના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ કાયદાની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, કાયદાને અમલ કરવા માટે રાજયના તમામ જિલ્લાઓમાં સાત અધિકારીઓની ટીમ બનાવવામાં આવી છે. આ કમિટી જિલ્લા પ્રમાણે કામ કરશે. કમિટીમાં ડીડીઓ મ્યુનિસિપલ કમિશનર, કલેકટર, અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટીના અધિકારી, એસપી અને અધિક નિવાસી કલેકટરને કમિટીમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત જો કોઈ પણ વ્યક્તિને ફરિયાદ કરવી હોય તો તેઓ સીધા કલેકટરને કરી શકે છે.

આ કાર્યવાહી કરવા બાબતે રાજયના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીની જાહેરાત કરી હતી કે, જો કોઈ વ્યક્તિની જમીન અથવા તો મકાન કોઈ અસામાજિક વ્યક્તિ અથવા તો ભૂમાફિયા હડપ કરી દીધું હોય તો તેઓ કઈ રીતે કાર્યવાહી કરી શકશે તો સૌપ્રથમ તે વ્યક્તિ સીધા કલેકટર ઓફિસે તેઓની ફરિયાદ કરશે. કલેકટર ઓફિસે તેમની ફરિયાદ દાખલ થતાં જ કલેકટર ફરિયાદને લઈને તપાસ હાથ ધરશે અને જો તપાસ વ્યાજબી ઠરશે તો કલેકટર પોલીસને સાત દિવસની અંદર કેસ દાખલ કરવાની સૂચના આપશે. સાત દિવસની અંદર કેસ દાખલ થયા બાદ ૨૧ દિવસની અંદર પોલીસે આ તપાસ પૂર્ણ કરવાની રહેશે અને આરોપીઓને કોર્ટ સમક્ષ હાજર કરવાના રહેશે. જેમાં સ્પેશિયલ કોર્ટ દ્વારા છ મહિનાની અંદર આરોપીઓને સજા આપવામાં આવશે. આમ, સમગ્ર પ્રક્રિયા કુલ છ થી સાત મહિના સુધી ચાલે તેવી પણ જાહેરાત રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ કરી હતી.

કાયદામાં સજાની જોગવાઈ બાબતે રાજયના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, જો કોઈ ભૂમાફિયાઓ દોષિત રહે તો કોર્ટ દ્વારા તેઓને સજા આપવામાં આવશે અને આ કાયદામાં સજા સાત વર્ષથી ૧૪ વર્ષની રાખવામાં આવી છે. એટલે કે, સાત વર્ષથી વધુ હોય તો તેઓને જામીન લાયક પણ રહેતા નથી એટલે આ બિનજામીન લાયક ગુનો ગણવામાં આવશે.

સમગ્ર રાજયમાં આજથી લેન્ડ ગ્રેબીગ એક્ટ લાગુ કરવામાં આવ્યો છે, તે અંગે રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ કહ્યું હતું કે, આ તમામ કેસોનો નિકાલ છ મહિનાની અંદર જ કરવામાં આવશે, ત્યારે દરેક જિલ્લામાં એક સ્પેશિયલ કોર્ટની રચના કરવામાં આવશે અને દરેક સ્પેશિયલ કોર્ટમાં એક સરકારી વકીલની પણ નિમણુંક કરવામાં આવશે. જ્યારે વિશેષ અદાલતને દીવાની અને ફોજદારી બે પ્રકારની અદાલતી કાર્યવાહી હાથ ધરવાની સત્તાઓ પણ આપવામાં આવશે. જયારે આક્ષેપ ખોટા હોવાનું પુરવાર કરવાની જવાબદારી ભૂમાફિયાના શિરે રહેશે.


## ગુજરાતમાં જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓ ડામી દેવા કડક પ્રતિબંધ મૂકતા કાયદાનો આજથી અમલ શરૂ

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

**ખેડૂતો, ગ્રામીણ નાગરિકો અને કાયદેસરના જમીન માલિકોના હિતોના રક્ષણ માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ**



### ગેરકાયદેસર જમીન પચાવી પાડનારાઓ-ભૂમાફિયાઓને ૧૦ થી ૧૪ વર્ષની કેદની સજા અને મિલકતોની જંત્રીની કિંમત સુધીના દંડની શિક્ષાની જોગવાઈ

### ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એક્ટ-૨૦૨૦ની મહત્વની જોગવાઈઓ

- લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એક્ટ અન્વયે મળતી ફરિયાદોની ચકાસણી માટે **જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં** કમિટીની રચના.
- જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક, મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર ઉપરાંત શહેરી વિકાસ સત્તામંડળના સી.ઇ.ઓ. અને અધિક નિવાસી કલેક્ટર આ સમિતિના સભ્યો રહેશે.
- સરકારી જમીન પર ગેરકાયદેસર કબજાના કિસ્સામાં જિલ્લા કલેક્ટરને અને રાજ્ય સરકારને આપમેળે-**સુઓમોટો પગલાં લેવાની સત્તા.**
- કમિટીની બેઠક ફરજિયાતપણે **દર ૧૫ દિવસે યોજાશે.**
- તપાસના પ્રથમ તબક્કાથી જ દરેક સ્ટેજ માટે પ્રક્રિયાની **સમયમર્યાદા નિશ્ચિત.**
- જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતાવાળી કમિટી સમક્ષ તપાસ અહેવાલ રજૂ થાય તેના **૨૧ દિવસમાં કમિટી નિર્ણય લેશે.**
- કમિટી એ નિષ્કર્ષ પર આવે કે આ ગુનો છે અને પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય જાહેર કરે ત્યારે **એક સપ્તાહ (૭ દિવસ)માં ફરિયાદ નોંધાશે.**
- ફરિયાદ (F.I.R.) નોંધાય તેના **૩૦ દિવસમાં સંપૂર્ણ તહોમતનામું** આ કાયદાના અમલ માટેની ખાસ અદાલત-સ્પેશ્યલ કોર્ટમાં રજૂ કરવાનું રહેશે.
- આ કાયદા અન્વયે ગુનાઓની તપાસ **નાયબ પોલીસ અધિક્ષક-Dy.SP દરજ્જાના** અધિકારી કરશે.
- કેસોના ઝડપી નિકાલ-ગુનેગારોને કડક સજા અને અસરગ્રસ્ત-નિર્દોષ વ્યક્તિને યોગ્ય વળતર માટે **વિશેષ અદાલતો.**
- વિશેષ અદાલતો સમક્ષ ચલાવવામાં આવનારા કેસોનો **વધુમાં વધુ ૬ મહિનામાં નિકાલ કરાશે.**
- વિશેષ અદાલતોને દિવાની અને ફોજદારી-બંને અદાલતોની સત્તા.
- જે વ્યક્તિ પર જમીન પચાવી પાડવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેણે આવી **જમીન પોતે પચાવી પાડી નથી તેવું કોર્ટ સમક્ષ સાબિત કરવું પડશે.** જેથી કેસ ઝડપથી પૂરવાર કરવામાં વેગ આવશે.
- જમીન ખરીદનારે ખરીદી માટેના નાણાંકીય સ્રોત પોતાની આવકમાંથી ઊભા કરેલા છે તેવું સાબિત કરવાનું રહેશે.

### કાયદામાં કડક સજાની જોગવાઈઓ

- **આ કાયદા હેઠળ ગુનેગાર દોષિત ઠરે તો ઓછામાં ઓછી ૧૦ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષની કેદની સજાની કડક જોગવાઈ.**
- **મિલકતોની જંત્રીની કિંમત સુધીના દંડની શિક્ષાની જોગવાઈ.**
- **લેન્ડ ગ્રેબીગ પ્રોહિબીશન એક્ટ સરકારી, અર્ધ સરકારી સંસ્થાની જમીન, જાહેર સાહસોની જમીન, ધાર્મિક-સખાવતી સંસ્થાની જમીન તેમજ ખાનગી જમીનને લાગુ પડશે.**
- **જમીન પચાવી પાડનાર, મદદગારી કરનાર, ગેરકાયદેસર કબજો લેવા માટે નાણાંકીય સહાય કરનાર, ગુનાઈત ધાકધમકીથી ભાડુ, વળતર કે બીજા ચાર્જ વસૂલ કરનાર, કાયદેસરના અધિકાર વગર કબજા-ભોગવટા હક્ક, પટ્ટો, લાયસન્સ, કબુલાત, તબદીલી કે વેચાણ ઉભા કરનાર વ્યક્તિઓને સજા થઈ શકશે.**
- **વ્યક્તિ, સમૂહ અથવા મંડળ, એસોસિએશન, કંપની કે સંસ્થાઓ પણ ગુનેગાર હોઈ શકે.**

**આ એક્ટથી સામાન્ય માનવીને ઝડપી અને યોગ્ય ન્યાય તથા કસૂરવાર ભૂમાફિયાને કડક સજા મળશે - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**


## પેટાચૂંટણીઓમાં પરાજયની જવાબદારી સ્વિકારી ધાનાણી-ચાવડાએ રાજીનામા આપ્યા



અમદાવાદ,

રાજયમાં વિધાનસભાની આઠ બેઠકોની પેટાચૂંટણીમાં કોંગ્રેસનો પરાજય થતાં નૈતિક જવાબદારી સ્વીકારીને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ રાજીનામું ધરી દીધું છે. જ્યારે ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવ પણ પ્રભારીપદ છોડી શકે છે. આ સંજોગોમાં કોંગ્રેસે નવા પ્રમુખની શોધખોળ શરુ કરી દીધી છે. જેમાં હાલના ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલનું નામ મોખરે છે. કેમ કે આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે કોંગ્રેસ ફરી એક વાર પાટીદાર કાર્ડ ખેલીને ભાજપને પરાસ્ત કરવાની વ્યૂહરચના ગોઠવી શકે છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓની તૈયારી વચ્ચે ગુજરાત કોંગ્રેસના બે યુવા નેતાઓએ હોદ્દા પરથી રાજીનામુ ધરી દેતાં ફરી રાજકારણ ગરમાયું છે. પ્રભારી રાજીવ સાતવ બંને નેતાઓના રાજીનામા પત્ર લઈને દિલ્હી પહોંચ્યાં છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ લેખિતમાં રાજીનામુ આપી દીધુ હતું. કોંગ્રેસના બધાય ધારાસભ્યોના સહકારથી વિરોધપક્ષના નેતા તરીકે ત્રણ વર્ષ સુધી કામ કર્યુ છે. વિધાનસભા વિપક્ષના નેતા તરીકે શૈલેષ પરમાર, પૂંજા વંશ અને અશ્વિન કોટવાલનું નામ ચર્ચામાં છે. જયારે પ્રદેશ પ્રમુખની કમાન સંભાળી શકે તે માટે અર્જૂન મોઢવાડિયા અને જગદીશ ઠાકોર અને હાલના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલનું નામ ટોપ પર છે.

ગુજરાતમાં કોંગ્રેસની કપરી સ્થિતિ છે. ત્યારે રાજ્યના પ્રભારી રાજીવ સાતવના પ્રભારી તરીકેના સમય દરમિયાન જ કોંગ્રેસના ૨૦થી વધુ ધારાસભ્યોએ પક્ષ પલટો કર્યો છે. કોંગ્રેસના ધારાસભ્યોને સાચવવામાં અમિત ચાવડા-પરેશ ધાનાણી જ નહીં, રાજીવ સાતવ પણ નિષ્ફળ રહ્યા હતાં. હવે જયારે અમિત ચાવડા અને પરેશ ધાનાણીએ રાજીનામુ ધર્યુ છે ત્યારે આગામી દિવસોમાં રાજીવ સાતવ પણ ગુજરાત કોંગ્રેસના પ્રભારીપદેથી રાજીનામુ ધરી દે તેવી શક્યતા જોવાઈ રહી છે.

## દુનિયાના ૨૫ ટકા લોકોને ૨૦૨૨ સુધી કોરોનાની રસી મળવાની શક્યતા નહિવત

ન્યુ દિલ્હી,

દુનિયાની લગભગ ૨૫ ટકા વસતીને દવા કંપનીઓ ગમે તેટલા પ્રયત્નો કરે તો પણ ૨૦૨૨ સુધીમાં કોરોનાની વેક્સિન નહીં આપી શકાય તેવુ એક સંસોધનનુ તારણ છે.

અમેરિકાની એક જાણીતી જર્નલમાં પ્રકાશિત થયેલા રિસર્ચ પેપરમાં કહેવાયુ છે કે, રસીનુ વિતરણ કરવાનુ કામ રસી ડેવલપ કરવા જેટલુ જ પડકાર જનક છે. એક અનુમાન પ્રમાણે દુનિયાભરના ૩.૭ અબજ પુખ્તવયના લોકો આ રસી મુકાવવા માગે છે. આ આંકડો ખાસ કરીને ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં માગની સામે સપ્લાય માટે ઉભા થનારા પડકારો તરફ ઈશારો કરે છે.

અમેરિકાની જોન હોપકિન્સ બ્લૂમવર્ગ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના સંશોધકોનુ કહેવુ છે કે, આ રિસર્ચ બતાવે છે કે, વધારે આવક ધરાવતા દેશોએ ભવિષ્યમાં કોરોના વેક્સિનનો સપ્લાય સિક્યોર કરી લીધો છે પણ દુનિયાના બીજા દેશોમાં તેનો પૂરવઠો ક્યારે અને કેવી રીતે પહોંચશે તે બાબત હજી અનિશ્ચિતતાના ઘેરામાં છે.

કોરોના વેક્સિનના જેટલા ડોઝ તૈયાર થઈ રહ્યા છે તે પૈકીના ૫૧ ટકા વધારે આવક ધરાવતા દેશોના ફાળે જશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલ સંતરામપુર કોર્ટમાં હાજર રહ્યા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ૨૦૧૭ ના રોજ ચૂંટણી પ્રચારમાં કાળીબેલ જાહેરનામાનો ભંગ બાબતમાં તેના અનુસંધાનમાં ફરિયાદ નોંધાઈ હતી. આજે સંતરામપુર કોર્ટમાં હાર્દિક પટેલ હાજર રહ્યા હતા. ત્યારબાદ હાર્દિક પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે કાયદો અને ન્યાયતંત્ર અમારા માટે સર્વોપરી છે અમે તેનો માન–સન્માન રાખીએ છીએ સરકાર ખોટી રીતે પરેશાન કરવાનું કામ કરી રહી છે. ન્યાયતંત્ર પર અમને ભરોસો રાખીને તમામ પક્રિયા પૂર્ણ કરીશું ખેડૂત આંદોલન મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા. આગામી ૧૯ ના રોજ જાન્યુઆરી માસમાં હું સંતરામપુર કોર્ટમાં હાજર રહીશ સંતરામપુરના લોકોને નગરના ગામડાના તમામ ની સમસ્યા વિશે જાણી તને પૂછીશ પરંતુ સરકાર લોકોને વિરોધી ભાષા અને ગેરમાર્ગે દોરવાનું બંધ કરે અને ખેડૂત આ દેશની શાન છે. ખેડૂતની સમસ્યાને સાંભળવાની સરકારની ફરજ હોય છે પરંતુ હમ અને રાવણ નીતિ જનતાની અને ખેડૂતોને પરેશાન કરે છે. જે ખેડૂતો ધરતીમાતા માંથી ધાન પેદા કરે જે આપણા જેવા સામાન્ય માણસ અને અમીર પરિવારોને અનાજ પૂરૂં પાડતા હોય છે અને ખવડાવતા હોય છે જો સરકાર ખેડૂતોની વાત ન સાંભળે અને સમાધાન ના કરે સત્તા પરથી સરકારે સત્તા પરથી રાજીનામું આપી દેવું જોઈએ છેલ્લા ૨૦ દિવસથી આપણા ખેડૂતો દિલ્હીની બોર્ડર પર ૨૦ દિવસથી કડકડતી ઠંડીમાં આંદોલન કરી બેસી રહ્યા છે પરંતુ સરકાર તેનું સમાધાન કરવા તૈયાર નથી ખેડૂતો સાથે દુશ્મની કરીને સરકારે સરકારે સારૂં નથી કર્યું વધુમાં જણાવ્યું કે ભાજપ કે કોંગ્રેસને વોટ આપીને ખેડૂત તો અમારા કહેવાથી ખેડૂત આંદોલન કરે છે. ખેડૂતો પોતાની લડાઈ હક માટે ખેડૂતો સ્વચ્છતા અને સ્વયં ભોગી પોતાના હક્કો માટે ખેડુત કિસાન આંદોલન કરી રહ્યા છે. સંતરામપુર કોંગ્રેસ કાર્યાલય પર હાર્દિક પટેલનું શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી અને માજી ધારાસભ્ય ગેંદાલ ભાઈ ડામોર તમામ કોંગ્રેસના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિરપુરમાં યુવાન નોકરીની લાલચમાં છેતરપિંડીનો ભોગ બન્યો :
# યુવાન ગુગલ-પે થી ઓનલાઈન રૂા.૨૨,૭૦૦ ગુમાવ્યા

વિરપુર,

વિરપુર તાલુકામાં યુવાનને નોકરી બાબતનો ફોન આવતા યુવાન નોકરીની આશાએ છેતરપિંડીનો ભોગ બન્યો હતો. કાસોડીના યુવાનને મોબાઈલ પર અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો. જેમાં ડેટા બેઝ એન્ટ્રી કંપનીમાં નોકરીની લાભામણી સ્કિમ આપી અને પગાર માટે નજીકની બેંકમાં એકાઉન્ટ ખોલવાનુ કહેવાતા નોકરીની આશાએ બેકાર યુાને તા.૪, ૧૬, ૨૦, ૨૩ ડિસેમ્બર–૨૦૧૯ના રોજ વિક્રમસિંહ ૨૫૦૦, ૨૦૦૦, ૩૦૦૦, ૨૨૦૦ તથા ૩૦ જાન્યુઆરી–૨૦૨૦ના રોજ ૧૩,૦૦૦ મળી કુલ ૨૨,૭૦૦ ગુગલપ્લે પરથી ઓનલાઈન ટ્રાન્સ્ફર ક્ર્યા હતા. રકમ જમાં થયા બાદ પણ નોકરી માટે આજે નહિ કાલે કોલ કરીશ આવા બહાના બતાવી રહ્યા હતા અને આજદિન સુધી નોકરી ન મળતા યુવાને સાયબર ક્રાઈમનો સહારો લીધા બાદ આ અંગે વિરપુર પોલીસને ફરિયાદ કરી છે.

# શંકાસ્પદ કારનો પીછો કરતા પોલીસકર્મીને ટક્કર મારી કાર ચાલક સહિત ૨ આરોપી ફરાર

વડોદરા,

વડોદરા શહેરના છાણી બ્રિજ પાસે ફરજ બજાવી રહેલા છાણી પોલીસ મથકના જવાનની બાઈકને કાર ચાલકે ટક્કર મારી મોતને ઘાટ ઉતારી દેવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, કારની ટક્કરથી પટકાયેલા પોલીસ જવાનને હાથ-પગ સહિત શરીરમાં ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત પોલીસ જવાનને સયાજી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

હાલમાં માસ્ક સહિત ગુનાહિત પ્રવૃત્તીઓ અટકાવવા માટે પોલીસ તંત્ર દ્વારા ઘનિષ્ઠ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે, ત્યારે ૧૫ ડિસેમ્બરના રોજ છાણી પોલીસ મથકમાં ફરજ બજાવતા ભગીરથસિંહ ભરતસિંહ સહિત પોલીસ જવાનો છાણી બ્રિજ પાસે ફરજ બજાવી રહ્યા હતા અને પસાર થતાં વાહનોનું ચેકિંગ કરી રહ્યા હતા. દરમિયાન એક કાર ચાલક પસાર થઈ રહ્યો હતો. પોલીસે કાર ચાલકને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ, કાર ચાલકે કાર ઉભી રાખી ન હતી. અને કાર હંકારી મૂકી હતી. જેથી પોલીસ જવાનોને કારમાં કંઇ હોવાની શંકા ગઈ હતી. આથી ફરજ ઉપર પોલીસ જવાનોએ પોતાની બાઈક દ્વારા કારનો પીછો કર્યો હતો. કાર ચાલકની બાજુમાં બેઠેલા બીજા વ્યક્તિએ કાર ચાલકને કાર પોલીસ જવાન ઉપર ચઢાવી દેવાની સૂચના આપતા કાર ચાલકે પોલીસ જવાનો ઉપર કાર ચઢાવી દેવા કાર વધુ સ્પીડથી હંકારી હતી અને પીછો કરી રહેલા પોલીસ જવાન ભગીરથસિંહ ભરતસિંહની બાઈકને ટક્કર મારીને ફરાર થઈ ગયા હતા. પોલીસ જવાન ભગીરથસિંહની બાઈકને ટક્કર વાગતા જ તેઓ રોડ ઉપર ફંગોળાઈ ગયા હતા. જેમાં તેઓને હાથ-પગ સહિત શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા પહોંચી હતી.

# કડાણા ઘોડિયાર પુલ બાંધકામ પુર્ણ થયુ છતાં અવર-જવર માટે શરૂ ન કરતા કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર અપાયુ

કડાણા,

કડાણા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કડાણા મામલતદારને આવેદનપત્ર સુપરત કર્યુ હતુ. જેમાં જણાવ્યા મુજબ કડાણા નજીક મહીનદી પર નવીન પુલનુ બાંધકામ પુર્ણ થયેલ છે. જે ઘોડિયાર પુલના બંને તરફના રોડના એપ્રોચની કામગીરી શરૂ કરવામાં આવતા મહિસાગર જિલ્લા કલેકટર દ્વારા રસ્તો બંધ કરી ડાયવર્ઝન આપેલ હતુ. પુલના બંને તરફના રોડનુ કામ માર્ગ અને મકાન વિભાગ અને ઈજારદાર દ્વારા ૦૫/૧૧ સુધી પુર્ણ કરવામાં આવ્યુ હતુ. અને હાલ નવીન પુલ પરથી રાહદારીઓ અને વાહનચાલકો પસાર થઈ શકે તેમ હોવા છતાં હાલની સરકાર દ્વારા માત્રને માત્ર લોકાર્પણ માટે બંધ રાખવામાં આવેલ હોવાનુ જાણવા મળેલ છે.

નવીન પુલ પરની અવરજવર બંધ હોવાને કારણે સંતરામપુર અને લુણાવાડા એસ.ટી.ડેપોની ૬૦ જેટલી બસોના રૂટ આજેપણ બંધ હોઈ ઉત્તરવિભાગના મુસાફરોને હાડમારી વેઠવી પડે છે. વધુમાં જો દિ–૭માં લોકોની અવર જવર માટે નવીન પુલને ખુલ્લો મુકવામાં નહિ આવે તો તાલુકાની જનતા કોઈપણ પ્રકારની મંજુરી વિના નવીન પુલ પરથી પસાર થવા મજબુર થાય તેવી સ્થિતિ હોય નવીન પુલને આમ જનતા માટે ખુલ્લો મુકવામાં આવે તેવી માંગ સાથે મહેન્દ્રભાઈ સંગાડા, પ્રમુખ કડાણા તાલુકા કોંગ્રેસ સમિતિ, અશ્વિનસિંહ પુવાર, મહામંત્રી સહિત કોંગ્રેસ કાર્યકરો, હોદ્દેદારોએ કડાણાના મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતુ.

# શિક્ષણ ક્ષેત્રે શિક્ષકો ની કફોડી હાલત ચાણક્ય નીતિનું એક સૂત્ર છે

**‘‘શિક્ષક કભી સાધારણ નહીં હોતા પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ’’**

પરંતુ મારા એવા જ એક શિક્ષક મિત્ર જેની સાથે આજે થયેલી વાતચિત્ત પર થી એવું લાગ્યું કે શિક્ષક તો સાધારણ નથી જ હોતા પરંતુ દેશ નુ ભવિષ્ય જેના હાથ માં છે એટલે કે શિક્ષક એનું જ ભવિષ્ય આજે ધુંધળું થઈ ગયું છે વાત એવી છે કે ગુજરાત ની એક નામાંકિત સ્કૂલ માં સંસ્કૃત વિષય નો અભ્યાસ કરાવતા એક મારા પરમ મિત્ર સાથે આજે ઘણા સમય પછી વાત થઈ એટલે પ્રસ્તાવના અને ગુજરાતીઓ ની આદત ના ભાગ રૂપે એક બીજા ના ધંધાપાણી વિશે પૂછપરછ કરી કે કેવાક ચાલે છે તો જાણવા મળ્યું કે લોકડાઉન ના પરિણામે હાલત એટલી કફોડી થઈ છે કે વાત જ પૂછો માં પંદર હજાર પગાર આવતો એમાં પણ અડધો કરી નાખ્યો એટલું તો ઘર નુ ભાડુ જતું રહે છે, એની સાથે વાત થયા પછી ઘણા મિત્રો જે શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલ છે એની સાથે ચર્ચા કરી તો વરવી હકીકત બહાર આવી.

એક તો પહેલે થી જ ખાનગી શાળાઓ વાળા શિક્ષક ના ખાતા માં વધારે પગાર જમા કરાવી અને એમાં થી ૩૦ થી ૪૦ ટકા પગાર પરત લઈ લેતા હતા ઉદાહરણ તરીકે શિક્ષક નો પગાર વિસ હજાર હોય તો એના ખાતા માં ચેક આપે ત્રીસ હજાર નો અને ઉપરના દશ હજાર રોકડા ઉપડાવી પરત લઈ લયે છે શિક્ષકો પાસે થી. દેશ માં જે લોકડાઉન આવ્યું એના હિસાબે શાળા કોલેજો ને સંપૂર્ણ તાળા મારવા પડ્યા જેના લીધે દેશ ભર માંથી અસંખ્ય શિક્ષકો ને ખાનગી શાળા–કોલેજો ઓ રજા આપી દીધી છે. એ લોકો અત્યારે કા તો પોતાની બચત ખાલી કરી રહ્યા છે અને કા તો બીજા વ્યવસાય માં આવવા નુ વિચારી રહ્યા છે એક કન્સલટન્સી વાળા મિત્ર સાથે થયેલી વાતચિત્ત દરમ્યાન એવુ જાણવા મળ્યું કે હાલ માં જે નવા રીઝ્યુમ આવે છે નવી નોકરી ને લઈ ને એમાં ૩૦ થી ૪૦ ટકા શિક્ષણ ક્ષેત્ર માંથી આવે છે જે શિક્ષણ સિવાય ના ક્ષેત્ર માં જવા માંગે છે, હવે જે વ્યક્તિ ખાનગી શાળા કોલેજો માં છેલ્લા ૪ –૫ વર્ષ થી સેવા આપી રહ્યો હોય એ વ્યક્તિ ને નવા ક્ષેત્ર માં સ્થાપિત થવું કેટલુ અઘરૂં થઈ પડતું હશે ? એને તો ત્યાં હવે શુન્ય માંથી સર્જન જ કરવા નુ કે બીજું કાંઈ ? અત્યારે જે કોઈ પણ શિક્ષક ખાનગી શાળાઓ સાથે સંકળાયેલ છે એમાંથી એક ને પણ પૂરો પગાર નથી મળતો મોટા ભાગ સંસ્થાઓ એ પગાર ૫૦ થી લઈ ને ૭૦ ટકા સુધી નો કરી નાખ્યો છે. આના પરિણામએ એવા વર્ગ નુ શુ કે જે લોકોના પગાર પર જ એનું ઘર ચાલતું હોય ?

એક વાત અહીં એવી પણ કહેવા માં આવે છે કે શાળા–કોલેજો એ ફી માં રાહત આપી ૨૫ ટકા ની હવે આમાં શાળાઓ ને કેટલો ફાયદો અને કેટલું નુકસાન એ વાત જરાં જોય લઈએ, ૨૫ ટકા ની રાહત આપી તેની સામે શાળા કોલેજો નો ઘણો ખર્ચ ઘટી ગયો છે. જે ખર્ચ માં વીજળી ખર્ચ, પટાવાળા નો ખર્ચ, સિક્યુરિટીનો ખર્ચ, શિક્ષકો ના ચા–પાણી નો ખર્ચ, આવા અનેક ખર્ચો આ ઓનલાઈન શિક્ષણ ના લીધે ઘટ્યા છે. તો આમાં વાલીઓ ને તો ફાયદો થયો ૨૫ ટકા નો પરંતુ આ ઘટાડા થી શાળા કોલેજ ને કાંઈ નુકસાન નથી થયું એના નફા માં કાંઈ ફેરફાર નથી થયો અત્યારે જે જગ્યા એ ૪ સિક્યુરિટી હતા એની જગ્યા એ ૧ ને રાખ્યો છે, એવી જ રીતે શિક્ષકો માં છે. જે ધોરણ માં ૮ શિક્ષકો ની જરૂર પડતી હતી. એમાં ૪ ની જ જરૂર પડે છે એટલે તકલીફ પડી છે તો એ લોકો ને પડી છે. જેને નોકરી ની જરૂરિયાત છે અને અડધા પગાર એ કામ કરે છે તકલીફ એ લોકો ને પડી છે. જેને નોકરી માંથી હાંકી કાઢવા માં આવ્યા છે અને બીજા ક્ષેત્ર માં શુન્ય માંથી સર્જન કરવા મથી રહ્યા છે. જે વાલીઓ અત્યારે ફી ભરવામાં નથી પહોંચી સકતા કે કોઈ કારણો સર નથી ભરી સકતા એવા વાલીઓને શિક્ષકો પાસે સવાર સાંજ ફોન કરાવાય છે અને કા તો નેટવર્ક ના બહાના બનાવી ને એના સંતાન ને ઓનલાઈન ક્લાસ માં એન્ટ્રી નથી આપવા માં આવતી.

અહીંયા નાનો એવો પ્રશ્ન એ પણ થાય કે દેશનું ભવિષ્ય જે લોકો ના હાથમાં છે. એ લોકો જ પોતાની નોકરી થી અને પગાર થી સંતુષ્ટ નહીં હોય તો શું એ પોતાની શિક્ષક તરીકે ની ફરજ સારી રીતે નિભાવી શકશે ખરા ???

# M.S. યુનિવર્સિટીનાં ગોલ્ડ મેડાલિસ્ટ ડોક્ટરએ કોઈ મહાનગરમાં નહીં પણ પોતાના વતન એવા લુણાવાડા જેવા નાના શહેરમાં હોસ્પિટલ શરૂ કરી

લુણાવાડા,

કોઈપણ સામાન્ય માણસ હોય કે મહાન વ્યક્તિ તેમના જીવનમાં વતન પ્રત્યે એક અમીટ છાપ રહેલી હોય છે, વતન માટે પ્રેમ, તેની સાથેની યાદો, લાગણીબંધ જીવન પર્યંત કાયમ રહે છે. ક્યારેક કોઈ જીવનમાં કંઈક– થોડુંક હાંસલ કરે તો વતનનું ઋણ ચૂકવવાનું ભૂલતા નથી. એવા એક ડોક્ટર છે જય પટેલ.

ડો. જય પટેલ સમગ્ર એમ.એસ. યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએશન પ્રથમ ક્રમે રહી ગોલ્ડ મેડલ મેળવ્યો. તેઓ મૂળ ઓર્થોપિડિક શાખાના તબીબ છે પણ તેઓએ એમ.એસ. યુનિવર્સિટીની તબીબી વિજ્ઞાનની તમામ શાખાઓ માટે ૧૦૦૦ ગુણની લેવાતી પરીક્ષામાં ૭૫૪ ગુણ મેળવી ટોચના સ્થાને રહ્યા. આટલી ઉચ્ચ લાયકાત ધરાવતા ડો. જય પટેલે ધાર્યું હોત તો, કોઈ મહાનગરમાં પોતાની હોસ્પિટલ ખોલી શક્યા હોત અથવા કોઈ મોટી હોસ્પિટલમાં તગડો પગાર મેળવી શક્યા હોત, પણ તેમણે પસંદ કર્યું વતનની સેવા કરવાનું....

સમાજમાં ડોકટરના વ્યવસાયને નોબલ પ્રોફેશન માનવામાં આવે છે. દુનિયામાં સૌથી કિંમતી છે એવા, માનવજીવનને બચાવવામાં ડોક્ટર મદદરૂપ બની શકે છે. ખાસ કરીને નાના શહેરો અને નગરોના લોકોને સારી સારવાર મેળવવા માટે મહાનગર તરફ મીટ માંડવી પડે છે. હું લુણાવાડા જેવા નાના શહેરમાંથી આવું છું એટલે મને ખ્યાલ છે કે, લોકોને સારી સારવાર મેળવવા કેટલી તકલીફ પડે છે.

પોતાના બાળપણને યાદ કરતાં ડો. જય પટેલ કહે છે કે, લોકોને સારવાર મેળવવા ૧૦૦–૧૫૦ કિલોમીટર એવા અમદાવાદ, વડોદરા જવુ પડતું હતું. આ સંજોગોમાં ઘણી વખત ઓપરેશન કરવામાં મોડું થવાથી લોકોને કાયમી માટે ખોડખાપણ રહી જવાના કિસ્સા જોયેલા છે. આવી સ્થિતિમાં નાના શહેરમાં પણ લોકોને સારી સેવા–સારવાર મળી રહે અને ખાસ તો લુણાવાડામાં હોસ્પિટલ શરૂ કરવાથી વતનનું થોડું–ઘણું ઋણ ચૂકવવાનો એક અવસર માનું છું. જેથી જ લુણાવાડામાં બાપા ઓર્થોપેડિક એન્ડ જોઈન્ટ રિપ્લેસમેન્ટ હોસ્પિટલ ખોલી છે.

ડો. જય પટેલે એસ.એસ.જી. હોસ્પિટલના હીપ એન્ડ ની સર્જરીમાં ખ્યાતનામ ડો. હેમંત માથુર સાથે સહયોગી ડોક્ટર તરીકે ૪ વર્ષ કામ કર્યું છે. ડો. માથુર સાથે ૧૦૦૦ થી વધુ ઘૂંટણ અને થાપાની રિપ્લેસમેન્ટની અને ૫૦૦ થી વધુ ફ્રેક્ચર અને કોમ્પ્લેક્ષ કહી શકાય તેવી સર્જરીમાં તેમની જોડે કામ કર્યું છે.

અસ્થિ વિષયક બીમારીઓથી દૂર રહેવા માટે સલાહ આપતા કહે છે કે, માત્ર નિયમિત વ્યાયામ– કસરત કરવાથી અને સંતુલિત આહાર લેવાથી ૯૦ ટકા હાડકા સંબંધિત બીમારીઓથી દૂર રહી શકાય છે. ઉપરાંત લોકોએ પલાઠીવાળી અને ઉભડક બેસવાનું ટાળવું જોઈએ, શક્ય હોય તો ખુરશીમાં બેસવાનો આગ્રહ રાખવો. તેમજ કેલ્શિયમ વિટામીનની શરીરમાં ઊણપ જણાય તો ડોક્ટરના માર્ગદર્શન અનુસાર દવા લેવી જોઈએ. જેથી હાડકાં સંબંધી બીમારીઓથી દૂર રહી શકાય.

આધુનિક વિજ્ઞાનની નીતનવી શોધ થવાથી લોકોને સારૂં આરોગ્ય પણ મળી મળી રહ્યું હોવાનો ઉલ્લેખ કરતા ડોક્ટર જય પટેલ કહે છે કે, અસ્થિ વિષયક દર્દીઓને આરથ્રોસ્કોપી મશીન દ્વારા સારવાર, ટાંકા લીધા વગર ઓપરેશન અને ઘૂંટણ અને થાપાની પ્લેસમેન્ટની સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવે છે. ઉપરાંત તમામ પ્રકારના ફ્રેકચર અને અસ્થિ વિષયક તમામ રોગોની સારવાર લુણાવાડા ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ઘણી વખત જોવા મળે છે કે, તબીબી ક્ષેત્રનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ મહત્તમ તબીબો મોટા શહેરોની વાટ પકડતા હોય છે પણ ડો. જય પટેલે વતનના લોકોની સેવા નિર્ધાર કર્યો છે. ડો જય પટેલ પોતાની કારકિર્દીના ઘડતરમાં એમ.એસ.યુનિવર્સિટી અને એસ.એસ. જી. હોસ્પિટલ નો મહત્તમ ફાળો રહ્યો હોવાનો સ્વીકાર કરે છે. સાથે જ એસ.એસ. જી. હોસ્પિટલમાં જરૂર પડ્યે નિઃશુલ્ક સેવા આપવાની તત્પરતા બતાવી છે.

# મહીસાગર જિલ્લામાં આજે ૯ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૨ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૬–૧૨–૨૦૨૦ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૧૮૫૦ કેસ પોઝીટીવ નોંધાયા છે. આજે જિલ્લાપમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લારમાં અત્યાર સુધીમાં કુલ ૧૭૩૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૯૯૨૪૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૩૧ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૪૧ દર્દી હોમ આઈસોલેશન, ૦૨ દર્દી લુણાવાડા (CCC), ૦૩ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૮ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૪ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

# સંતરામપુર પો.સ્ટે વિસ્તારમાંથી પ્રોહી મુદ્દામાલ સાથે બે આરોપીઓ ઝડપાયા

સંતરામપુર,

પંચમહાલ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ.ભરાડા તથા મહીસાગર જીલ્લા પોલીસ અધિક્ષક રાકેશ બારોટ એ મિલકત વિરૂધ્ધ બનતા ગુના અટકાવવા તથા પ્રોહીબીશન/ જુગારની બદી અટકાવવા સારૂ સ્પેશયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ હોય જે અનુસંધાને એલ.સી.બી. પો.ઈન્સ. વી.ડી.ધોરડા ની સુચના અને માર્ગદર્શન મુજબ એલ.સી.બી. પો.સ.ઇ એમ.કે.માલવીયા તથા એલ.સી.બી સ્ટાફના માણસો સંતરામપુર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે લીમડી સંજેલી તરફથી ટાટા ફોર એક્સ ફોર ગાડીમાં ભારતીય બનાવટનો પરપ્રાન્તિય દારૂનો જથ્થો ભરી ઝાલોદ તરફથી લુણાવાડા તરફ આવનાર જેવી ખાનગી બાતમી આધારે એલ.સી.બી સ્ટાફના માણસોને સરકારી ગાડીમાં ફળવા ગામ તરફ વોચમાં રાખેલ હતા દરમ્યાન બાતમી મુજબની ટાટા ફોર એકસ ફોર તથા વર્ના ગાડી આગળ પાછળ નીકળતા સરકારી વાહનની આડાશ કરી ગાડી ઉભી રાખેલ અને ગાડીમાંથી વસીમ સત્તારભાઈ ગાજી રહે સંતરામપુર,કાદરી મસ્જીદ વિસ્તાર,વણજારા વાસ તા.સંતરામપુર જી.મહીસાગર તથા તેની સાથે બેસેલ ફીરોજ સલામ ઘોડાવાલા રહે સંતરામપુર,કાદરી મસ્જીદ વિસ્તાર,વણજારા વાસ તા.સંતરામપુર જી મહીસાગરનાને ઝડપી લીધેલ અને તેમની પાછળ આવતી ટાટા ફોર એકસ ફોર ગાડીમાં બેસેલ ઈસમ અંધારાનો લાભ લઈ નાસી ગયેલ દરમ્યાન સદર ગાડીની અંદર ચેક કરતા ભારતીય બનાવટની દારૂની બીયરના ટીન તથા કવાટર નંગ ૧૬૬૮ જેની કૂલ કીંમત રૂ. ૧,૭૫,૨૬૦/– મળી આવેલ તથા દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ ગાડીઓ નંગ–૨ ની કુલ કિ. રૂા. ૬,૦૦,૦૦૦/– તથા મોબાઈલ નંગ ૪ ની કીં. રૂ. ૨૧,૦૦૦/– મળી કુલ કિ. રૂા. ૭,૯૬,૨૬૦/– નો પ્રોહી મુદ્દામાલ સાથે ઉપરોકત ઈસમો વિરૂધ્ધ પ્રોહી એક્ટ મુજબ સંતરામપુર પો સ્ટે ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવહી કરવામાં આવેલ છે.

# મોરવા(હ)તાલુકામાં આવેલ આંગણવાડીની મુલાકાત જિલ્લા કલેકટર દ્વારા લેવાઈ

શહેરા,

પંચમહાલ જિલ્લા કલેકટર દ્વારા મોરવા(હ)તાલુકામાં આવેલી આંગણવાડીની જિલ્લા પંચાયતની શાખાના પ્રોબેશન ઓફિસર, મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને સાથે રાખી મુલાકાત લીધી હતી. જેમાં જિલ્લા કલેકટરે ન્યુટ્રીગાર્ડન, કુપોષણમાંથી સુપોશિત થયેલા બાળક તથા પાલકવાલી સાથે રૂબરૂ મુલાકાત કરી નિરીક્ષણ કર્યુ હતુ. તલાટીના દફતરોની તપાસણી કરી જરૂરી સુચનાઓ આપી હતી.

કેન્દ્રિય ચુંટણી પંચના કાર્યક્રમ મુજબ નૈત્રંગમાં તા.૨૨, ૨૯ ડિસેમ્બર–૨૦ તેમજ ૬, અને ૧૩ ડિસેમ્બર દરમિયાન યોજાયેલા મતદાર યાદીમાં સુધારણા નવા નામો ઉમેરવાના તેમજ બીજી અન્ય કાર્યવાહી માટે ખાસ કાર્યક્રમ રાખેલો તેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૭-૧૨-૨૦૨૦, ગુરૂવાર, નિજ માગશર સુદ-૨, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૦૪, જૈન નવકારશી-૮-૦૯, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્ર: ઉત્તરષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત-૧૨-૪૨ થી ૧૩-૦૫ સુધી ૭-૨૧ થી શુભ-૮-૪૨ સુધી, ૧૧-૨૩ થી ચલ-લાભ-અમૃત-૧૫-૨૪ સુધી, ૧૬-૪૫ થી શુભ-અમૃત-ચલ-૨૧-૨૪ સુધી

- શુભ હોરા-
૭-૨૧ થી ૮-૧૫ સુધી,૧૦-૦૨થી ૧૨-૪૩ સુધી,૧૩-૩૭થી ૧૪-૩૧ સુધી,૧૬-૧૮થી ૧૯-૧૨ સુધી

## દૈનિક રાશીફળ
**તા.૧૭.૧૨.૨૦૨૦ ગુરૂવાર**

મેષ (અ.લ.ઈ.) :- પ્રવાસની ઈચ્છા ફળવાની મનગમતી સ્વાસ્થય બાબત સુધારો જોવા મળે નોકરીમાં અનુકુળતા રહેવાની

વૃષભ (બ.વ.ઉ.) :-જાહેર સંસ્થામાં સારો હોદો મેળવવાના પ્રયત્નો ફળવાના મનગમતી વ્યકિતની મુલાકાત લાભદાયક રહેવાની

મિથુન (ક.છ.ઘ.):- રાજકારણમાં સફળતા રહે ભાઈ બહેનો સાથે સુમેળ રાખવો ખર્ચ ઉપર કાબુ રાખજો વીદેશથી લાભ રહે

કર્ક(ડ.હ.):-માનસીક તનાવનો સામનો રહે અટકતા કાર્યોને વેગ મળવાનો કોર્ટ કેસના પ્રશ્નો સમાધાનથી લાભ રહે

સિંહ(મ.ટ.) :- શેર સટાથી જાળવવુ નોકરીમાં અધિકારી વર્ગને સહકાર દેવો ઉધાર ધંધાથી દુર રહેજો પ્રવાસમાં અનુકુળતા

કન્યા (પ.ઠ.ણ.) :- પરીવારના સભ્યો અને સમાજના કાર્યો માટે નાણાકીય ખર્ચ રહેવાનો નોકરીમાં બઢતીના યોગ બને

તુલા (ર.ત.) :- પરીવારના સભ્યો અને સમાજના કાર્યો દ્વારા નાણાકીય ખર્ચ રહેવાનો નોકરીમાં બઢતીના યોગ બને પ્રવાસ થાય

વૃશ્ચિક (ન.ય.) :- બેકાબુ વિચારોને કાબુમાં રાખવાની સલાહ છે મિત્રોની ગેરસમજો ન થાય તેનુ ધ્યાન રાખજો વિકાસના કાર્યોમાં લાભ.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- વાદ વિવાદોનો અંત આવે સગા સ્નેહીજનો સાથે સુમેળ વધે નોકરીમાં ચીવટ રાખજો અધિકારીઓને સાથ સહકાર દેવો.

મકર (ખ.જ.) :- સાહીત્ય ક્ષેત્રે રૂચી વધાવની પ્રીયપાત્રની મુલાકાત શકય બને માનસીક અંજપો દુર થવાનો નોકરીમાં લાભ રહે

કુંભ (ગ.શ.સ.) :- સ્થાવર મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા મિત્રો સાથે પ્રવાસ થાય આયોજન થાય વિદેશ વસતા સગાઓનો સહકાર રહે

મીન (દ.ચ.ઝ.) :- કોર્ટ કેસના પ્રશ્નોથી દુર રહેજો પ્રતિષ્ઠા જાળવવા સંઘર્ષ રહે નોકરીમાં બદલીના ચાન્સ ઉભા થાય કર્જ ન કરવુ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદને સ્માર્ટ સિટી બનાવવા માટે રૂ. ૯૪૬.૮૬ કરોડના ૨૫ પ્રોજેક્ટ






તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદને આદર્શ નગર બનાવી લોકોની સુખાકારીમાં વધારો કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત સ્માર્ટ સિટી યોજનામાં લેવામાં આવેલા કામોમાં થયેલી પ્રગતિની વિગતો કલેક્ટર વિજય ખરાડી દ્વારા જાહેર કરવામાં આવી છે. સ્માર્ટ સિટીમાં લોકોને ફાયદો થાય એ માટે કેવા પ્રકારના પ્રોજેક્ટ લઇ શકાય ? એ માટે સૂચનો પણ મંગાવવામાં આવ્યા હતા. જેમાં મળેલા રચનાત્મક સૂચનો ઉપર વિચારણા હાથ ધરવામાં આવી છે.

કલેક્ટર ખરાડીએ જણાવ્યું કે, સ્માર્ટ સિટી યોજના અંતર્ગત દાહોદમાં કુલ ૨૫ પ્રોજેક્ટ હાથ ઉપર લેવામાં આવ્યા છે. જે પૈકી રૂ. ૫૩૯.૯. કરોડના કામોના ચાલુ કરી દેવામાં આવ્યા છે. જેની સમીક્ષા કરીએ તો કલેક્ટર કચેરી કમ્પાઉન્ડમાં ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર-ઇન્ફોરમેશન ટેક્નોલોજીના નિર્માણનું કામ તા. ૨૯-૧૨-૨૦૨૦ના રોજ પૂર્ણ થાય એ રીતે રૂ. ૧૨૮ કરોડના ખર્ચથી હાથ ધરવામાં આવ્યું છે. ૯૨ ટકા પૂરૂ થઇ ગયું છે. જ્યારે, તેની રૂ. ૨૩.૦૪ કરોડના ખર્ચથી બિલ્ડિંગ બનાવવાની કામગીરી ૪૮ ટકા પૂરી થવા પામી છે. જે તારીખ ફેબ્રુઆરી-૨૧માં પૂરી થાય એમ છે.

વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર સિસ્ટમનો રૂ. ૧૦૫.૫૮ કરોડનો પ્રોજેક્ટ હાલની સ્થિતિએ ૪૩ ટકા પૂર્ણ થઇ ગયો છે. જે આગામી જુન-૨૦૨૦ સુધીમાં પૂર્ણ થઇ જાય એવી શક્યતા છે. જ્યારે, અન્ડર ગ્રાઉન્ડ ગટરની વ્યવસ્થા ઉભી કરવા માટે રૂ. ૩૪.૬૩ કરોડનું કામ બાવન ટકા પૂરૂ થઇ ગયું છે. પાણી પુરવઠાનો રૂ. ૯૯.૩૩ કરોડનો પ્રોજેક્ટ હાથ ઉપર લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં ૩૬ ટકા કામગીરી પૂર્ણ થઇ છે. આગામી ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થઇ જાય એવી ધારણા છે.

તેમણે કહ્યું કે, દાહોદ નગરના ૧૩૫ જેટલી સરકારી અને અર્ધસરકારી ઇમારતોને આવરી લઇ રેઈન વોટર હાર્વેસ્ટિંગનો રૂ. ૮.૯૦ કરોડનો પ્રોજેક્ટ ૪૭ ટકા પૂર્ણ થઇ ગયો છે. આ ઉપરાંત, ઐતિહાસિક છાબ તળાવના વિકાસનું કામ ચાલું કરી દેવામાં આવ્યું છે. રૂ. ૧૧૦.૫૯ કરોડના આ પ્રોજેક્ટનો એપ્રિલ ૨૦૨૨માં પૂર્ણ થશે. પૂંસરી ખાતે વેસ્ટ મેનેજમેન્ટ લેન્ડ ફરતે રૂ. ૪.૩૩ કરોડના ખર્ચથી બનાવવામાં આવી રહેલી દિવાલનું કામ ૫૦ ટકા પૂર્ણ થઇ ગયું છે. નગરને ડસ્ટ બિન ફ્રિ બનાવવા માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનો રૂ. ૧૯.૪૬ કરોડનો પ્રોજેક્ટ આગામી જુન સુધીમાં પૂર્ણ થશે. જ્યારે, નગરમાં વિવિધ સ્થળે લગાવવામાં આવી રહેલા ટ્રાફિક સાઇનેઝની કામગીરી રૂ. ૬.૦૬ કરોડની છે અને એમાં ૧૩ ટકા કામગીરી થઇ છે. તે આગામી ઓગસ્ટ-૨૧માં પૂર્ણ થઇ જશે.

ટેન્ડરિંગ પ્રક્રીયા ચાલી રહી હોય એવા પ્રોજેક્ટ જોઇએ તો રૂ. ૨૯.૨૮ કરોડનો ટ્રક ટર્મિનલ એન્ડ એનિમલ શેલ્ટર, રૂ. ૩.૧૦ કરોડનો ગાર્ડન ડેવલપમેન્ટ, ૨૭.૦૯ કરોડના ઘન કચરાના પ્રોસેસિંગ પ્લાન્ટ, રૂ. ૫૫.૫૩ કરોડનું સ્પોર્ટ્સ સંકુલ, ૭.૭ કરોડનો પાણીનું સ્વયં સંચાલિત વિતરણ અને શુદ્ધિકરણનો પ્રોજેક્ટ, વેસ્ટ મેનેજમેન્ટ માટે વાહનોની ખરીદી માટે રૂ. ૧.૭૬ કરોડની કામગીરી ટેન્ડરિંગ હેઠળ છે. આ તમામ ૬ પ્રોજેક્ટની કુલ રૂ. ૧૨૪.૪૬ કરોડ થવા જાય છે.

તદ્દઉપરાંત, સ્માર્ટ સિટીના કુલ રૂ. ૨૮૨.૫ કરોડની કિંમતના ૯ પ્રોજેક્ટ ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) અને રિક્વેસ્ટ પ્રપોજલ કક્ષાએ છે. જેમાં રૂ. ૧૮.૪૧ કરોડ સિટી બસ, રૂ. ૧૪.૭૧ કરોડ આદિવાસી સંગ્રહાલય, રૂ. ૬૧ કરોડ સ્માર્ટ રોડ, રૂ. ૭.૧૭ કરોડ સ્માર્ટ સ્ટ્રીટ લાઇટ, રૂ. ૪.૨૧ કરોડ ઇ-ગવર્નન્સ, રૂ. ૨૨ કરોડ નગરપાલિકાના નવા બિલ્ડિંગ, રૂ. ૧૦૦ કરોડ આવાસ યોજના, રૂ. ૪૦ કરોડ પાણી પુરવઠાના બીજા ફેઝ, રૂ. ૧૫ કરોડ દૂધીમતી નદી રિવરફ્રન્ટનો સમાવેશ થાય છે.

જ્યારે, અર્બન હેલ્થ સેન્ટર, સરકારી શાળા અને આંગણવાડી, પાર્કિંગ સુવિધામાં વધારો, સ્મશાનગૃહના નિર્માણ અને નવીનીકરણ માટે પણ સરકારમાં દરખાસ્ત મોકલવામાં આવી છે. આમ, સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ દ્વારા રૂ. ૯૪૬.૮૬ કરોડના કામોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામમાં લોકોની ભાગીદારી વધે એ માટે કલેક્ટર દ્વારા તાજેતરમાં નાગરિકો પાસેની સૂચનો મંગાવવામાં આવ્યા હતા. જેમાં ૪૩ નાગરિકોના સૂચનો મળ્યા છે. જે પૈકી મોટા ભાગના સૂચનો હાલમાં આયોજન તળેના કામોમાં સમાવિષ્ટ પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

કોઇ નાગરિકે છાબ તળાવ ફરતે રિંગ રોડ બનાવવા, કોઇએ સિટી બસ, અન્ડર ગ્રાઉન્ડ કેબલિંગ, સ્નાનઘર, સિટી બસ, દબાણો હટાવવા, સાયન્સ કોમ્યુનિટી સેન્ટર, ગેન્ટ્રી, આર્ચરી તાલીમ કેન્દ્ર, સ્મારક, ગઢીના કિલ્લાના સમારકામ સહિતની બાબતો અંગે સૂચનો કર્યા હતા. આ ઉપરાંત, મલ્ટી સ્ટોરિડ પાર્કિંગ, સ્માર્ટ લાયબ્રેરી, વીજ કેબલના અન્ડર ગ્રાઉન્ડ કરવા જેવી બાબતો વિચારણા હેઠળ લેવામાં આવશે.

## દાહોદમાં દર્પણ રોડ ઉપર આવેલ પાલિકાની શોપીંગ કોમ્પ્લેક્ષની ૧૪ દુકાનો ટેકસ ન ભરતા સીલ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ નગરપાલિકા તંત્ર દ્વારા આજરોજ એક્શનમાં આવી શહેરના રાજમાર્ગો પર દુકાનદારો દ્વારા દબાણકર્તા પાલિકા તંત્ર દ્વારા દબાણ દૂર કરી દંડાત્મક કાર્યવાહી કરવામાં હતી. જયારે બીજી તરફ પાલિકાતંત્રના સત્તાધિશો દ્વારા શહેરના દર્પણરોડ પર આવેલા સર્વે નંબર ૮૫ માં નગરપાલિકા હસ્તકના શોપિંગ કોપ્લેકસમાં દુકાનદારોનો ભાડુ તેમજ ટેક્સ બાકી નીકળતા પાલિકા તંત્રે સાગમટે ૧૪ દુકાનો સીલ કરી દેતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

વધુ મળતી માહિતી પ્રમાણે દાહોદ નગરપાલિકાની ટર્મ ગત મહિને પૂર્ણ થતાં પાલિકાની ચૂંટણી સુધી ચીફ ઓફિસરની વહીવટદાર તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમજ દાહોદમાં સ્માર્ટ સીટી સહિતના અનેક વિકાસ કાર્યો હાલ પ્રગતિ પર છે. તેવા સમયે શહેરમાં વારંવાર સર્જાતી ટ્રાફિક સમસ્યા તેમજ દુકાનદારો દ્વારા દુકાનોની બહાર સમાન મૂકી દબાણ કરતા ટ્રાફિકની સમસ્યા નિર્માણ થવા પામી છે. તેમજ પાલિકામાં છેલ્લા કેટલાય સમયથી વ્યવસાય વેરો તેમજ નગરપાલિકા હસ્તકની દુકાનોના ભાડુ બાકી નીકળતા આજરોજ દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસરના માર્ગદર્શનમાં પાલિકાના વોટર સપ્લાઈના અધિકારી આશિષ રાણા,બાંધકામ શાખાના નિલેશભાઈ શાહ,ફૂડ ઈન્સ્પેક્ટર પિંકલ નગરાળાવાળા તેમજ દબાણ ખાતાના કર્મચારીઓ સહિતની ટીમ આજરોજ સવારથી જ શહેરના ગાંધીચોક, એસવી પટેલ રોડ, ભગિની સમાજ, સ્ટેશન રોડ, ઠક્કર ફળીયા તેમજ દર્પણ ટોકીઝ રોડ સહિતના વિસ્તારોમાં ફરી દબાણ કર્તાઓ દ્વારા કરવામાં આવેલા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. તેમજ આગામી સમયમાં દંડાત્મક કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપી હતી.ત્યારબાદ શહેરના દર્પણ ટોકીઝ રોડ પર આવેલ સર્વે નંબર ૮૫ માં બનાવેલ પાલિકા હસ્તકના શોપિંગ સેન્ટરમાં આવેલ દુકાનદારો દ્વારા પાલિકાના ભાડા તેમજ ટેક્સની ભરપાઈ ન કરાતાં પાલિકાનું ભાડું બાકી નીકળતો હોવાનું પાલિકા સત્તાધીશોની ધ્યાને આવતા આજરોજ પાલિકાના અધિકારીઓની હાજરીમાં શોપિંગ સેન્ટરની ૧૪ દુકાનો સીલ કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામી છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૨ પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૧૨ કોરોના દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૪૨૯ને પાર થઈ ચુક્યો છે. દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણ ધીરે ધીરે ગ્રામીણ વિસ્તાર તરફ પ્રયાણ કરી રહ્યો છે. આ એક ચિંતાનો પણ વિષય છે. આર.ટી.પી.સી.આર.ના ૨૮૮ પૈકી ૦૮ અને રેપીટ ટેસ્ટના ૧૧૨૫ પૈકી ૦૬ મળી કુલ ૧૨ કેસો આજે સામે આવ્યા છે. આ ૧૨ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૪, ગરબાડામાંથી ૦૧, ધાનપુરમાંથી ૦૪ અને સંજેલીમાંથી ૦૩ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૬ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૧૭ રહેવા પામી છે ત્યારે બીજી તરફ કોરોનાથી જિલ્લામાં કુલ ૮૭ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

## ગરબાડા તાલુકા પંચાયતમાં અંતિમ સામાન્ય સભા યોજાઈ

ગરબાડા,

ગરબાડા તાલુકા પંચાયતની અંતિમ ખાસ સામાન્ય સભા તાલુકા પંચાયતના સભાખંડમાં મળી હતી. સભામાં પ્રમુખ સ્થાને ગ્રામ પંચાયતના બજેટની અવલોકનની ચર્ચા કરવામાં આવી હતી. તાલુકા પંચાયત કચેરીમાં નવીન રેકર્ડરૂમ, જાહેર શૌચાલય, પટાંગણમાં પાર્કિંગ શેડ જેવી કામગીરી કરવા માટેનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

ગત તા.૧૮/૦૭/૨૦ની સામાન્ય સભાના પ્રોસીડિંગને વંચાણે લેતા ઠરાવ નં-૩૧ના અનુક્રમ ૮માં આઉટસોર્સિંગ ધોરણે વર્ગ-૪ના કર્મચારીઓનો ખર્ચ તાલુકા પંચાયતમાં દર મહિને પાડવામાં આવે છે. તેમ છતાં સભ્ય સચિવ દ્વારા ખર્ચ પડતો નથી તેવી માહિતી આપતા આ મુદ્દો સભામાં વંચાણે લેવાયો હતો. તેનો વિરોધ પક્ષના નેતા ભારતસિંહ અમલીયાર દ્વારા વાંધો ઉઠાવી પુરાવા રજુ કરતા તાલુકા વિકાસ અધિકારી કે.બી.પંચોલી દ્વારા બધા સભ્યોની વચ્ચે ભુલ થઈ છે કહી ક્ષમા માંગી હતી. આઇ.સી.ડી.એસ.દ્વારા પોષણ અભિયાન હેઠળ ગ્રાન્ટ આવતી નથી તે પ્રશ્ન સભામાં ચર્ચાતા વિરોધપક્ષના નેતા દ્વારા ગ્રાન્ટના પુરાવા સાથે સભામાં રજુ કરતા વિકાસ અકિારીએ મૌન સેવી લીધુ હતુ. ટી.એસ.પી.ના આવાસો છેલ્લા પાંચ વર્ષથી આદિજાતીના લાભાર્થીઓને લાભથી વંચિત રાખવા સભ્ય સચિવ તાલુકા વિકાસ અધિકારીએ આવેલ ગ્રાન્ટની કોઈ માહિતી ન આપતા સભામાં હાજર રહેલા બંને પક્ષના તમામ સભ્યોએ ભારે વિરોધ સાથે માહિતી માંગતા સભા ઉગ્ર બની હતી. ગ્રાન્ટ લેપ્સ જેશે તો ટી.ડી.ઓ.ની અંગત જવાબદારી થશે તે માટે સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો. મનરેગાની સામુહિક અને વ્યક્તિગત યોજના ચુંટાયેલા સભ્યોની જાણ બહાર કામો ફાળવી દેતા મનરેગાના કર્મચારીઓ સામે અને તાલુકા વિકાસ અધિકારી સામે જાહેર સભામાં તમામ સભ્યોએ કામો બાબતે ભારે વિરોધ ઉઠાવ્યો હતો. આમ તાલુકા પંચાયતની અંતિમ અને છેલ્લી સભા ઉગ્ર અને ગરમાગરમીના માહોલ વચ્ચે સંપન્ન થઈ હતી.

## દે.બારીઆના છેવાડામાં રહેતી માં વિનાની દિકરીની જવાબદારી આહાર સંસ્થા એ ઉપાડી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દેવગઢ બારિઆના છેવાડાના વિસ્તારમાં ઝૂંપડામાં રહેતા ગરીબ લોકો પાસે રાંધવા માટે કોઈ બળતણ નહીં હોવાથી મોટા ભાગના લોકો ડુંગરાળ વિસ્તારમાં લાકડા કાપવા/વીણવા જતા હોય છે. મીના છ મહિનાની હતી ત્યારે તેની માં તેને કેડે બાંધીને ડુંગરા પર લાકડા વીણવા ગયેલ અને તેણીને હાર્ટ એટેક આવતા મારી ગયેલ. જયારે તેણીના અડોશ પાડોશના લોકો શોધખોળ માટે ગયા ત્યારે જોયું કે, મીના તો તેની માતાને ધાવતી હતી. છ મહિનાની મીનાને ખબર ન હતી કે તેની માં મૃત્યુ પામી છે. મીનાને માં-બાપ-નહીં હોવાને કારણે તેણીએ કોઈ દિવસ કોઈની પાસે કશું માગ્યું નથી ને માંગવાની ટેવ નથી.આજે તેણીના જન્મ દિવસે પણ તેણીએ કોઈનું કોઈ ભેટ લીધી નથી, પણ તેણીએ તેના પાલક પિતા (કાકા) ને ગરમ ધાબળો-તેણીની સખીઓને સ્વેટર-તથા તમામ લાભાર્થીઓને કેટબરી ચોકલેટ આપી.તેના નિખાલસ અને શાંત સ્વભાવ ને કારણે તે સૌની પ્રિય છે. તે ૨૦૧૨ થી આહારની લાભાર્થી છે. તેની તમામ જવાબદારી આહાર સંસ્થાએ ઉપાડેલી છે.



ગુજરાત ગૌરવ દિન અંતર્ગત યોજાયેલ નિબંધ લેખન સ્પર્ધામાં શૈલેષકુમાર સોલંકીના માર્ગદર્શન હેઠળ ખેડા ફ. સિંગોર પ્રા.શાળાના વિદ્યાર્થી બારીઆ મિતેશકુમાર રાજેશભાઈ એ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં દાહોદ ડાયટ તરફથી બારીઆ મિતેશકુમારને પ્રથમ નંબર જાહેર કરી સીનિયર લેક્ચરર રોઝલીન સુવેરા મેડમ દ્વારા ૧૫,૦૦૦/-નો પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવે છે.

## કેબિનેટે રૂ. ૩,૫૦૦ કરોડની ખાંડ નિકાસ સબસિડીને મંજૂરી આપી



ન્યુ દિલ્હી,

કૃષિ કાયદાને લઈને ચાલી રહેલા આંદોલન વચ્ચે આજે મોદી કેબિનેટે એક મહત્વનો નિર્ણય લીધો છે. સરકારે ૬૦ લાખ ટન ખાંડની નિકાસ કરવાનો નિર્ણય લીધો છે, જેનાથી થનારી આવક, સબસિડી થી ૫ કરોડ ખેડૂતોને સીધો લાભ થશે. કેન્દ્રીય કેબિનેટ મંત્રી પ્રકાશ જાવડેકર અને રવિશંકર પ્રસાદે આ જાણકારી આપી હતી.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, આ વર્ષે સરકારે ૬૦ લાખ ટન ખાંડ નિકાસ પર્ સબસિટી આપવાનો નિર્ણય કર્યો છે. ખેડૂતોના ખાતામાં સીધી સબસિડી જમા થશે. આ સબસિડી પાછળ ૩૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ ઉપરાંત ૧૮૦૦૦ કરોડ રૂપિયાની આવક પણ ખેડૂતોને મળશે.

કેન્દ્રીય મંત્રીના જણાવ્યા પ્રમાણે આ નિર્ણયથી દેશના ૫ કરોડ લોકોને ફાયદો થશે. આ ઉપરાંત ૫ લાખ કામદારોને પણ તેનો લાભ થશે. મંત્રીના જણાવ્યા પ્રમાણે એક સપ્તાહની અંદર જ ૫૦૦૦ કરોડ રૂપિયા સુધીની સબસિડી ખેડૂતોને મળવા લાગશે. ૬૦ લાખ ટન ખાંડને ૬ હજાર રૂપિયા પ્રતિ ટનના હિસાબે નિકાસ કરવામાં આવશે.

પ્રકાશ જાવડેકરના જણાવ્યા પ્રમાણે આ વર્ષે ખાંડનું ઉત્પાદન ૩૧૦ લાખ ટન જેટલુ થશે તેની સામે દેશમાં ખાંડની ખપત ૨૬૦ લાખ ટનની છે. ખાંડના ભાવ પણ ઓછા હોવના કારણે ખેડૂતો અને ઉદ્યોગો સંકટમાં છે. જેનો ઉકેલ લાવવા માટે ૬૦ લાખ ટન ખાંડની નિકાસ પર સબસિડી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કૃષિ કાયદાને લઈને ચાલી રહેલા આંદોલનો વચ્ચે મોદી સરકારે મોટી સંખ્યામાં ખેડૂતો માટે લાભકારી નિર્ણય લીધો છે. એ પણ ત્યારે જ્યારે સરકાર કૃષિ કાયદા મામલે ખેડૂતોને મનાવવાનો પ્રયાસ કરી રહી છે.

પ્રકાશ જાવડેકરના જણાવ્યા પ્રમાણે પૂર્વોત્તરમાં વિજળી વ્યવસ્થામાં સુધાર લાવવા માટે નવા બજેટને મંજૂરી આપવામાં આવી છે. પહેલા સરકાર તેના પર ૫ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરતી હતી પરંતુ હવે તેમાં વધારો કરીને ૬૭૦૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યા છે. આમ કરવાથી એક ટ્રાંસમિશન લાઈનને પ્રોત્સાહન મળશે અને ૨૪ કલાક વિજળીના લક્ષ્યને પણ પુરૂ કરી શકાશે.

કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, સરકાર તરફથી સ્પેક્ટરમની હેરાજી કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ અગાઉ સ્પેક્ટ્રમની ૨૦૧૬માં હરાજી કરવામાં આવી હતી. આ ઉપરાંત સરકારે ટેલિકોમ ક્ષેત્ર માટે રાષ્ટ્રીત સમિતિ બનાવવાનો પણ નિર્ણય લીધો છે.

## ગુજરાત મજદુર યુનિયન ઝાલોદ દ્વારા નિવૃત ST કર્મચારીના પેન્શન વધારા માટે કલેકટરને આવેદન



દાહોદ,

ગુજરાત મજદુર યુનિયન, ઝાલોદ દ્વારા નિવૃત એસ.ટી.કર્મચારી ભાઈનો પેન્શનમાં વધારો કરવા બાબતે દાહોદ જિલ્લા કલેક્ટરને આજરોજ આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, લાગતા વળગતાં અધિકારીઓ, પદાધિકારીઓને છેલ્લા કેટલાંક વર્ષોથી આ નિવૃત એસ.ટી. કર્મચારી ભાઈઓના પેન્શનમાં વધારો થાય તેવી રજુઆતો કરવામાં આવી હતી પરંતુ આજદિન સુધી આ બાબતે કોઈ સંતોષકારક જવાબ મળ્યો નથી. આ કર્મચારીઓને મોંઘવારીમાં માત્ર રૂા.૧૦૦૦ થી ૨૫૦૦ જેટલું માસિક પેન્શન ચુકવવામાં આવે છે. અત્યાર સુધી આ કર્મચારીઓએ કોઈ ઉગ્ર આંદોલન કે કોઈ પ્રકારની ચીમકી આપી નથી. સરકાર દ્વારા તાકિદે પેન્શનમાં વધારો કરવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરી હતી. આવનાર સમયમાં આ પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો નાછુટકે આ કર્મચારીઓ ગાંધી ચિન્દયા માર્ગે જવાની પણ ચીમકી ઉચ્ચારી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 98

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## અન્ય ગ્રામ પંચાયતોની માફક

# કાલોલ તાલુકાના શામળદેવી ગામમાં આવાસ ફાળવણીમાં ગેરરીતિની શંકા



- ગ્રામજનો એ આવાસ ફાળવણીની તપાસ કરવા માંગ કરતું કલેક્ટરને આવદેનપત્ર આપ્યું.
- ગ્રામ પંચાયતે ૩૦૦ આવાસનો ઠરાવ નકકી કર્યો હતો.
- જયારે મંજૂર થઈને ૧૧૧ આવાસ ફાળવતા ચર્ચાનો વિષય.
- મોટી સંખ્યામાં લાભાર્થીઓને રદ કરાતા ઉહાપોહ.
- કયા કારણોસર રદ કરાયા તેની તપાસની ગ્રામજનો દ્વારા માંગ કરાઈ.
- લાગતા વળગતા અધિકારીએ લાભાર્થીની યોગ્યતા ચકાસ્યા વિના મીલીભગતથી લાભાર્થીઓની પસંદગી કરાઈ.
- પસંદ પામેલા લાભાર્થીઓમાં સરપંચના કે સભ્યોના નજીકના માણસો છે કે કેમ ?
- ભૂતકાળમાં પસંદ પામેલા લાભાર્થીઓને ફરી ફાળવણી કરીને ડુપ્લીકેશન કરાયાના આક્ષેપ.
- બેઘર ધરાવતા લાભાર્થીઓની યોગ્ય રીતે સર્વે કે પસંદગીના નિયમો અનુસરાયા નહીં.
- આવાસ બાબતે કોઈપણ જાતની ચર્ચા કરવા માટે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું નથી.
- પ્રધાનમંત્રી આવાસ યોજના ઘરવિહોણા લાભાર્થીઓ માટે આર્શીવાદરૂપ છે.
- કાચા મકાન ધરાવતા સાચા લાભાર્થીઓ આવાસ વિના મુશ્કેલીમાં દિવસો ગુજારે છે.

ગોધરા,
કાલોલ તાલુકામાં આવેલ શામળદેવીમાં કુલ ૩૦૦ જેટલા આવાસનો ઠરાવ ગ્રામ પંચાયતે કર્યો હતો પરંતુ માત્ર ૧૧૧ જેટલા આવાસ મંજુર કરવામાં આવ્યા છે. પરંતુ લાગતા વળગતા અધિકારી એ લાભાર્થીની યોગ્યતા ચકાસ્યા નામંજૂર કરવામાં આવતાં વિવાદે સ્થાન લેતાં ગ્રામજનોએ કલેકટરને રજુઆત કરીને સમગ્ર આવાસ ફાળવણીની તપાસ કરવાની માંગ કરાતા ચર્ચાનો વિષય બન્યો છે.

કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના ઘરવિહોણા લાભાર્થીઓ માટે

### તમામ વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવા છતાં ૧૯૯ લાભાર્થીઓને કેમ રદ કર્યા

શામળદેવી ગામમાં જે તે સમયે 300 ઉપરાંત એક સાથે આવાસ લાભ આપવાનો આયોજન કરવા સાથે વહીવટી પ્રક્રિયા અનુસરીને ઠરાવ કરીને ઉચ્ચ કચેરીમાં યાદી મોકલી આપી હતી પરંતુ મંજૂર થયેલ આવેલી યાદીમાં ૧૯૯ મોટી સંખ્યામાં જે આવાસ રદ કર્યા છે. તેના કોઈ કારણ જણાવવામાં આવતા નથી. કયા કારણોસર આ આવાસ રદ કર્યા છે અને રદ કરનાર લાગતા વળગતા અધિકારીઓના નામ પણ જણાવવા જોઈએ. જ્યારે જે આવાસના લાભાર્થીઓના નામ મંજૂર કર્યા છે. તે લાભાર્થીઓની ખરેખર લાભ મળવાપાત્ર યોગ્યતા ધરાવે છે કે પછી સરકારી અધિકારી અને સરપંચ કે લાગતા વળગતા સભ્યોના નજીકના માણસો લાભાર્થીઓ તરીકે મંજૂર થયેલા છે કે કેમ તેની તપાસ થવી જોઈએ.

વિના મીલીભગત થી પસંદગી કરાઈ નથી. પસંદ પામેલા લાભાર્થીઓમાં સરપંચના નજીકના માણસો હોવાના આક્ષેપો ઉઠયા છે. તો બીજી તરફ જરૂરીયાતમંદ લાભાર્થીઓને આવાસનો લાભ આર્શીવાદરૂપ છે. હાલમાં, કાલોલ તાલુકાના શામળદેવી ગામમાં રહેતા કેટલાક ગરીબ અને મદયમવર્ગીય પરિવારો કાચા મકાનમાં રહીને ગુજારો કરતાં શિયાળો તથા ચોમાસામાં ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને ચોમાસામાં કાચાં મકાનના કારણે વરસાદનું પાણી ઘરમાં પ્રવેશતા ઘરવખરીને નુકશાન પહોંચી રહ્યું છે. ત્યારે આવા બેઘર ધરાવતા ગરીબ અને મદયમવર્ગીય લાભાર્થીઓને આવાસ મળવાપાત્ર હોવા અંગે સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા સર્વે કરીને લાભ આપવા માટે કેટલાક સમય પૂર્વે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જે તે સમયે શામળદેવીમાં રહેતા આવા લાભપાત્ર ૩૦૦ જેટલા પરિવારોને આવાસ આપવા માટેનો ઠરાવ કરવામાં આવ્યો હતો. બાદમાં, માત્ર ૧૧૧ જેટલા જ મંજૂર આવાસ કરવામાં આવતા ગેરરીતિના આક્ષેપો ઉઠતા ફરી એકવાર આવાસના નામે વિવાદ સર્જાયો છે. બુધવારના રોજ ગોધરામાં પહોંચીને ગ્રામજનો એ કલેકટરને આપેલા આવેદનમાં આવાસ ફાળવણીમાં ભ્રષ્ટાચાર તથા ડુપ્લીકેશન થવા સાથે ખોટા થયેલા ઠરાવની તપાસ કરવાની માંગ કરતા જણાવવામાં આવ્યું હતું કે, ૩૦૦ આવાસના ઠરાવ કરવામાં આવ્યો હતો. તેમાંથી માત્ર ૧૧૧ જેટલા જ મંજૂર કરવામાં આવ્યા છે. તેમાંથી જે જે લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે તેની નામવાળી અને સહી સિકકાવાળી નકલ આપવી અને જે લાભાર્થીઓ પસંદ કરવામાં આવ્યા છે. તે કાચાં મકાનોવાળા છે કે પાકાં મકાનોવાળા તેની ચકાસણી થવી જોઈએ. પરંતુ લાગતા વળગતા અધિકારી દ્વારા કાચાં મકાન ધરાવતા લાભાર્થીઓની તપાસ કર્યા વિના બારોબાર પસંદગી કરવામાં આવી છે. આ પાછળ લાગતા વળગતા અધિકારી દ્વારા પૈસા લઈને આપવામાં આવ્યા હોવાનું પણ ગ્રામજનો એ શંકા વ્યકત કરી હતી. ૧૧૧ આવાસ મંજૂર કરવામાં આવેલ છે તેની ઠરાવ નકલ આપવી જોઈએ. વધુમાં ગ્રામજનોની જાણ મુજબ ૩૦૦ના ઠરાવ કર્યા પછી પંચાયતમાં કોઈપણ પ્રકારની સામાન્ય સભા યોજાઈ નથી કે આવાસ બાબતે કોઈપણ જાતની ચર્ચા કરવા માટે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું નથી. આથી ભરોસો વ્યકત કર્યો હતો. પંચાયતમાં તલાટી અને સરપંચે ખોટા ઠરાવ કરેલ છે. તેની કોપી પણની માંગણી કરી છે. આમ, ગ્રામજનો એ આવાસ ફાળવણીમાં ગેરરીતિ થવા સાથે ડુપ્લીકેશન થયું હોવાની આશંકા વ્યકત કરીને તપાસની માંગણી કરવામાં આવતા અનેક તર્કવિર્તકો એ સ્થાન લીધું છે.

## નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આજે મોરવા હડફ ખાતે કિસાન સંમેલનમાં ઉપસ્થિત રહેશે

ગોધરા,
નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ આજે પંચમહાલ જિલ્લાની મુલાકાત લેશે. ડેપ્યુટી સીએમ જિલ્લાની મુલાકાત દરમિયાન મોરવા હડફની સરકારી કોલેજના ગ્રાઉન્ડ ખાતે યોજાનાર કિસાન સંમેલનમાં હાજરી આપશે. સંમેલનમાં રાજય સરકાર દ્વારા ખેડૂતોના કલ્યાણઅર્થે લેવાયેલ પગલાઓ ઉપરાંત કિસાનોને ઉપકારક યોજનાઓની માહિતી આપવા ઉપરાંત ડેપ્યુટી સીએમ દ્વારા બહુમૂલ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આવતીકાલે સવારે ૧૧.૦૦ મોરવા હડફની સરકારી કોલેજના મેદાનમાં કોરોના સંક્રમણ સામે સાવચેતીના પગલાઓના પાલન સાથે આ કાર્યક્રમ યોજાશે.

## પંચમહાલમાં આજે ૨૫ કોરોના પોઝીટીવ કેસ : કુલ આંક ૩૫૪૨

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૫ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૫૪૨ થવા પામ્યો છે. તેમાં ગોધરા-૧૬, હાલોલ-૦૪, કાલોલ-૦૨, ઘોઘંબા-૦૩ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે.

- ૩૬ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૪૩.
- મૃત્યુ આંક - ૧૨૬.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૫ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## ઘોઘંબાના રાજગઢ પોલીસે ખરોડ તરફથી બાઈક ઉપર લઈ જવાતો દારૂ ઝડપ્યો



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકા રાજગઢ પોલીસને બાતમી મળી હતી કે, મોટર સાયકલ સાઈન ઉપર ઈંગ્લીશ દારૂનો જથ્થો રાજગઢ તરફ આવનાર છે. તેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. દરમ્યાન નંબર વગરની બાઈક ચાલકને રોકીને અનિલ અરવિંદભાઈ ચૌહાણ રહે. ઘોઘંબાને ઝડપ્યો હતો. દરમ્યાન ખરોડ તરફથી આવતી મોટર સાયકલ નંબર જીજે.૧૭.બીપી.૫૨૮૦ના ચાલક અને પાછળ બેઠેલ ઈસમ પોલીસની નાકાબંધી દેખી બાઈક છોડી નાશી છુટીયા હતા. પોલીસ દ્વારા બાઈકનું ચેકીંગ કરતા બાઈકના પાછળના ભાગેથી ઈંગ્લીશ દારૂની છુટી બોટલો નંગ-૧૨૦ કિંમત ૫૧,૬૦૦/- રૂપીયા અને બાઈકો, મોબાઈલ ફોન મળી ૧,૨૬,૬૦૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસના હાથે ઝડપાયેલ કિશોરને નાશી જનાર ઈસમો અંગે પૂછપરછ કરતાં હેર સુરેશભાઈ સલાટ રહે.ગોંદલી તા.ઘોઘંબા હોવાનું જણાવતા પોલીસે નાશી જનાર ઈસમો વિરૂદ્ધ પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધી આરોપીને પકડવા માટે ચક્રોગતિમાન કર્યા છે.


## ગોધરા નગર સેવા સદન
## જાહેર નિવિદા
## ઈ-ટેન્ડરીંગ

ગોધરા નગરપાલિકા ગોધરા શહેરી વિસ્તારમાં મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના (CMBUS) અંતર્ગત શહેરી વિસ્તારમાં નેટ કોસ્ટ કોંટ્રાકટ બેસીસ ઉપર સીટી બસ સેવા શરૂ કરવાના કામ માટે નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામના ટેન્ડરો www.nprocure.com ઉપરથી જોવા મળશે અને ટેન્ડર વેબ સાઇટ પર ઓનલાઇન ભરવાના રહેશે. ટેન્ડરો રૂબરૂ સ્વીકારવામાં આવશે નહી.

| ક્રમ | કામનું નામ | ટેન્ડર ફી | અર્નેસ્ટ મની ડીપોઝીટ |
|---|---|---|---|
| ૧ | ગોધરા શહરે વિસ્તારમાં મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના (CMBUS) અંતર્ગત શહેરી વિસ્તારમાં નેટ કોસ્ટ કોંટ્રાક્ટ બેસીસ ઉપર સીટી બસ સેવા શરૂ કરવા બાબત. | ૫૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- |

ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઓનલાઇન વેબસાઇટ ઉપરથી ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ અને સમય | તા.૧૮/૧૨/૨૦૨૦ ના રોજ ૧૧-૦૦ કલાક થી તા.૨૮/૧૨/૨૦૨૦ ના રોજ ૧૮-૦૦ કલાક સુધી |
| ઓનલાઇન સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય | તા.૨૮/૧૨/૨૦૨૦ ના રોજ ૧૮-૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી,ઈ.એમ.ડી. મોકલવાની છેલ્લી તારીખ અને સમય | તા.૩૧/૧૨/૨૦૨૦ ના રોજ ૧૬-૦૦ કલાક સુધી મુખ્ય અધિકારી, ગોધરા નગરપાલિકા, કચેરી, ગોધરાને સ્પીડ પોસ્ટ અથવા રજી. પો.એ.ડી. થી મોકલી આપવાના રહેશે. |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય | તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ ૧૨-૦૦ કલાક. |

નોંધ : ટેન્ડર મંજુર નામંજુર કરવાની સત્તા નગરપાલિકાની રહેશે.

મુખ્ય અધિકારી
નગરપાલિકા ગોધરા

જિમાક/ગોધરા/૬૦૫/૨૦૨૦
ઓ.ફોન.નં.૦૨૬૭૨-૨૪૩૧૮૪
E-mail Address : np_godhra@yahoo.co.in


## ગોધરાના પોપટપુરા ખોડિયાર મંદિર ખાતે પધારેલ સંત શ્રી પ.પૂ.શ્રી શ્રી ૧૦૦૮ નર્મદા નંદ બાપજીના આર્શીવચન અને આરતી બાદ આગળનો પ્રવાસ આરંભ્યો



ગોધરા,
વર્ષોની ગુલામી પછી ભારત ભૂમિ ને રાષ્ટ્રવાદી ધર્મનિષ્ઠ રાજસત્તા ની ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ છે. આ શાનદાર ઉપલબ્ધિની સમસ્ત ભારતવાસીને અભિનંદનની સાથે સાથે રાષ્ટ્ર, ધર્મ, સંસ્કૃતિ અને પર્યાવરણના સંરક્ષણ માટે જન જાગૃતિના મુખ્ય ઉદ્દેશ્ય લઈ શ્રી નિત્યાનંદ આશ્રમના સંત શ્રી શ્રી ૧૦૦૮ શ્રી નર્મદાનંદ બાપજી એ બાર જ્યોર્તિલિંગની પદયાત્રાનો સંકલ્પ લીધો છે, એમની આ રાષ્ટ્ર ધર્મ વિજય યાત્રા તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ ગંગોત્રી ધામ, ઉત્તરાખંડથી પ્રારંભ થઈ હતી. ત્યાંથી બાર કળશમાં ગંગા માતાનું પવિત્ર જળ ભરીને આ યાત્રા પ્રથમ શ્રી કેદારનાથ ધામ માટે પ્રસ્થાન કર્યું, કેદારનાથ મંદિરમાં જળાભિષેક કર્યા બાદ આ યાત્રા કાશી વિશ્વનાથ ધામ, વારાણસી પહોંચી, ત્યાંથી શ્રી પરલી વૈદ્યનાથ ધામ, ઝારખંડ, શ્રી મલ્લિકાર્જુન ધામ, આંધ્રપ્રદેશ, શ્રી રામેશ્વરમ ધામ, તમિલનાડુ ત્યારબાદ મહારાષ્ટ્રનાં શ્રી ભીમાશંકર ધામ, શ્રી ત્ર્યંબકેશ્વર ધામ, શ્રી ધૃષ્મેશ્વર ધામ પહોંચી, આ સમસ્ત જ્યોતિર્લિંગમાં ગંગાજળ થી અભિષેક કરવામાં આવ્યો. હવે આ યાત્રા એ ગુજરાત રાજ્યના શ્રી સોમનાથ તથા શ્રી નાગેશ્વર જયોતિર્લિંગ પર જળાભિષેક કરવા માટે પ્રસ્થાન કર્યું છે. ત્યારબાદ આ યાત્રા મધ્યપ્રદેશ રાજ્ય ના શ્રી મહાકાલેશ્વર, ઉજ્જૈનમાં જળાભિષેક કર્યા બાદ આ યાત્રા શ્રી મમલેશ્વર, ઓંમકારેશ્વરમાં જળાભિષેક કર્યા બાદ આ યાત્રાનું સમાપન શ્રી શ્રી નજર નિહાલ આશ્રમ, ઓંમકારેશ્વર ખાતે કરવામાં આવશે.

દેશના બાર જ્યોર્તિલિંગ પર હોમાત્મક મહારૂદ્ર યજ્ઞો તથા બે વખત નર્મદા પરિક્રમા કરી ચૂકેલ પ. પુ. શ્રી શ્રી ૧૦૦૮ શ્રી નર્મદાનંદ બાપજી રાષ્ટ્ર ધર્મ વિજય યાત્રાના રાત્રિ વિશ્રામ સ્થળોએ સત્સંગ સેમિનારના માધ્યમથી પ્રથમ રાષ્ટ્રધર્મ, પર્યાવરણ સંરક્ષણ તથા ગૌ માતાના સંરક્ષણના હેતુને જન જન માં જાગૃત કરશે, બીજા દિવસે વહેલી સવારે વૃક્ષારોપણ કર્યા બાદ યાત્રા આગળ વધશે.

રાષ્ટ્ર ધર્મ વિજય યાત્રાનું આ નવીન અભિયાન દેશના અનેક રાજ્યોના હજારો ગામો માંથી પસાર થઈ રહી છે. પ.પુ. ગુરૂદેવ ની આ યાત્રા ૧૪ થી ૧૫ મહીનામાં બાર હજાર કિ.મી. નું અંતર કાપવા સાથે દેશના દરેક રાજ્યમાં રાષ્ટ્ર ઉત્થાન માટે જરૂરી ધર્મ, સંસ્કૃતિ, ગાય અને જળ સંરક્ષણના વિષયો પર સામાન્ય જનતા ને અવગત કરાવશે.

## ગોધરા બગીચા રોડ ઉપર પાણીપુરીની લારીઓ ઉપર જાહેરનામાનો ભંગ કરતાં ચાર વિરૂદ્ધ ફરિયાદ

ગોધરા,
ગોધરા બગીચા રોડ ઉપર કોરોનાકાળમાં સરકારની ગાઈડલાઈન મુજબ લોકોને ભેગા કરવા ઉપર પ્રતિબંધ હોય તેમ છતાં પાણીપુરીની લારીઓ ઉપર ગ્રાહકો ભેગા કરી જાહેરનામાનો ભંગ કરતા ચાર વ્યકિતઓ સામે ફરિયાદ નોંધાવા પામી છે.

હાલ કોરોના મહામારીમાં સંક્રમણને અટકાવવા માટે વધારે લોકોને એક સ્થળે ભેગા ન થવાનું જાહેરનામું જાહેર કરવામાં આવ્યું હોય તેમ છતાં કોરોના મહામારીમાં ગોધરા શહેરના બગીચા રોડ ઉપર પાણીપુરીની લારીઓ ઉભી રાખેલ હોય અને પાણીપુરીની લારીઓ ઉપર લોકોનું ટોળું ભેગું કરીને કોરોના વાયરસમાં ભયનું વાતાવરણ ઉભું કરેલ હોય જે પોલીસની ધ્યાનમાં આવતાં પોલીસે સુનિલ અર્જુનભાઈ ભીલ, ફેડરીક સંજયભાઈ ક્રિશ્ચન, સાજીદ ઈસ્માઈલ છકડા, અજયભાઈ કાળુભાઈ ભુરીયા વિરૂદ્ધ જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## પંચમહાલમાં બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા સખી મંડળની બહેનો માટે ૬ દિવસનો તાલીમ વર્ગ યોજાયો

ગોધરા,
બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI) દ્વારા જિલ્લાના બેરોજગાર યુવાનો અને યુવતીઓને વ્યવસાયલક્ષી અને સ્વરોજગાર આપે તેવી તાલીમો વિનામૂલ્યે પુરી પાડવાના ભાગરૂપે તાલીમવર્ગો ચલાવવામાં આવે છે. જેઅંતર્ગત સ્વસહાય જૂથની બહેનોને મિશન વન જીપી વન બીસી સખી માટેની ૬ દિવસીય તાલીમ વર્ગ આર.સેટી ખાતે યોજાયો હતો. આ તાલીમ વર્ગ પૂર્ણ થયે બહેનોને પ્રમાણપત્ર વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં તાલીમાર્થીઓને સ્વનિર્ભર બનવા માર્ગદર્શન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. જેમાં, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના જિલ્લા આસિસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજર તેમજ આર.સે.ટી. ડાયરેક્ટર, એફએલસીસી કાઉન્સિલર તેમજ સંસ્થાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલના દેવચોટિયા પંચાયતના બંધ મકાનમાંથી કોમ્પ્યુટર સેટની ચોરી કરતા તસ્કરો

કાલોલ,
કાલોલના દેવચોટિયા પંચાયતના નવા બનેલા બંધ મકાનમાંથી કોઈ અજાણયા જાણભેદુ દ્વારા પંચાયતના કોમ્પ્યુટર સેટની ચોરી કરાતા ફરિયાદ નોંધાવા પામી હતી. કાલોલ તાલુકાના દેવચોટિયા પંચાયતમાં ફરજ બજાવતા તલાટી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદની વિગતો મુજબ અગાઉ અલવા ગૃપ પંચાયતમાં સામેલ દેવચોટિયા પંચાયત વર્ષ-૨૦૧૮માં છુટી પડતા તંત્ર દ્વારા દેવચોટિયા પંચાયતના નવા મકાનનુ ઓગષ્ટ-૨૦૨૦થી લોકાર્પણ કર્યુ હતુ. જે નવી પંચાયતમાં પંચાયતની કામગીરી માટે જરૂરી એવા કોમ્પ્યુટર સિસ્ટમ સહિતની ફાળવણી અલવા પંચાયતમાંથી દેવચોટિયા પંચાયતના નવા મકાનમાં કરી હતી. તલાટીના જણાવ્યા મુજબ પંચાયતના મોટાભાગના રેકર્ડ અલવા પંચાયતમાં હોવાથી તેઓની મોટાભાગની ફરજ અલવા પંચાયત પર બેસી કરતા હતા. જવારે નવી દેવચોટિયા પંચાયત મોટેભાગે બંધ રહેતી હોવાનુ જણાવ્યુ હતુ. આમ મોટાભાગે દેવચોટિયા પંચાયતનુ મકાન બંધ રહેનુ હોવાની જાણકારીનો લાભ લઈ કોઈ જાણભેદુ શખ્સોએ નવા મકાનના દરવાજાનો નકુચો તોડી કોમ્પ્યુટર, સીપીયુ, એલ.ઈ.ડી., મોનીટર સહિત રૂ.૧૫,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. પંચાયતના મકાનમાંથી કોમ્પ્યુટર સેટની ચોરી અંગે તલાટીના જણાવ્યા મુજબ છેલ્લે તલાટીએ ૦૯/૧૧ના રોજ આ નવી પંચાયતની વીઝીટ કરી હતી. તે સમયે પંચાયત ઉપર કોમ્પ્યુટર સેટ ઉપ્લબ્ધ હતો. પરંતુ એ પછી તા.૭/૧૨ ના રોજ તાલુકા પંચાયતના ઓપરેટરે તલાટીને ફોન કરી જણાવ્યુ કે, તમારી પંચાયતનુ કોમ્પ્યુટર ૨૭/૧૧થી બંધ બતાવે છે. તે જાણકારીના આધારે ૭/૧૨ના રોજ નવી પંચાયતમાં તપાસ કરતા કોમ્પ્યુટર સેટ જ ગાયબ જોવા મળ્યો હતો.

જેથી બંધ પંચાયતના મકાનમાંથી ચોરી થયેલા કોમ્પ્યુટર સેટ અંગે તલાટીએ કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણયા તસ્કરો સામે ચોરીનો ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## હાલોલ મોહનપુરી વિસ્તારમાં જુગાર રમાડતા એક ઈસમને પોલીસે ઝડપ્યો

હાલોલ,
હાલોલ મોહનુપરીમાં આવેલ ખુલ્લી જગ્યામાં જાહેરમાં પાના પત્તાનો જુગાર રમાડી રહ્યા છે. તેવી બાતમી હાલોલ પોલીસ મળી હતી. બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હિતેશ રમેશભાઈ પરમારને ઝડપી પાડયો હતો. આરોપીની અંગઝડતી દરમ્યાન રોકડ અને મોબાઈલ મળી ૬૦૪૦/-રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. જયારે પૂનાભાઈ જીવાભાઈ ચૌહાણ અને કિશન ઉર્ફે ગુરખો નેપાલી નાશી છુટીયા હતા. આ બાબતે જુગાર ધારાહેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વી. એસ. મછાર
મુ. સગરાડા,
તા. શહેરા



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



અણીયાદ તે. ઉ.સ.મં.લી.
મુ. અણીયાદ,
તા. શહેરા